Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-4, March-2023

# સાંપ્રત સમયમાં કેળવણી અને ગાંધીવિચાર

**યોગેશકુમાર ડી. લીમ્બાચીયા**
પીએચ.ડી. રીસર્ચ સ્કોલર, સમાજશાસ્ત્ર વિભાગ, શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા

❖ **પ્રસ્તાવના :-**

ગાંધીજીએ ભારતની વિરલ વિભૂતિઓમાંના એક હતા. તેઓ સત્યના સાધક, અહિંસાના ઉપાસક અને કરુણાના કર્મયોગી હતા. ભારત જેવા ગુલામીના બંધનમાં જોડાયેલા દેશને મુક્ત કરાવનાર મુક્તિદાતા હતા. લોકશાહી ભારતના તેઓ ભાગ્યવિધાતા હતા. આધુનિક ભારતના નેતા વ્યવહારુ, તત્વદ્રષ્ટા અને સામાજિક-આર્થિક નવનિર્માણના પ્રણેતા હતા. તેમણે 'મારું જીવન એ જ મારો સંદેશ' સૂત્ર આપીને ભારતીય જીવનમાં તેઓ આચાર અને વિચારશુદ્ધિના પ્રખર હિમાયતી બન્યા.

મોહનદાસ કરમચંદ ગાંધીનો જન્મ પોરબંદરમાં બીજી ઓક્ટોબર ૧૮૬૯ માં થયો હતો. તેમના પિતા કરમચંદ ગાંધી પોરબંદર રાજ્યના દિવાન પદે હતા. તેમની માતા પૂતળીબાઈ ધર્મ પરાયણ અને પતિવ્રતા નારી હતા.

શિક્ષણમાં પાયાની કેળવણી એ એક ક્રાંતિકારી ઘટના છે. કેળવણીનો કાયાકલ્પ કરવામાં, ગ્રામોદ્ધારને મૂર્તિમંત કરવામાં સમગ્ર જીવન ખર્ચ્યું હતું.

❖ **ગાંધીજીનું શિક્ષણ દર્શન :-**

ગાંધીજી દ્રઢપણે માનતા હતા કે શિક્ષણ વ્યક્તિ અને સમાજના સર્વાંગી વિકાસ માટેનું શ્રેષ્ઠ સાધન છે. શિક્ષણ એટલે ક્રાંતિ, શિક્ષણ એટલે જ આર્ષદર્શન અને ક્રાંતિદર્શન. ગાંધીજી શિક્ષણની વિવિધ વિચારધારાઓના સમન્વયકાર હતા. પ્રકૃતિવાદ, આદર્શવાદ, વાસ્તવવાદ અને પ્રયોજનવાદની વિવિધ શૈક્ષણિક તત્વ વિચારણાનું પ્રતિબિંબ તેમની શૈક્ષણિક વિચારધારા કે શિક્ષણદર્શનમાં ઝિલાયું છે. તેમનું શિક્ષણદર્શન તત્કાલીન શિક્ષણપ્રથાના આક્રોશમાંથી જન્મ્યું હતું. તત્કાલીન શિક્ષણપ્રથા (૧) ભેદભાવપૂર્ણ (૨) અન્યાયપૂર્ણ શાસન સાથે સંબંધિત (૩) વિદેશી સંસ્કૃતિ પર આધારિત (૪) બૌદ્ધિક શિક્ષણ પર અનાવશ્યક ભારવાળી (૫) અંગ્રેજી માધ્યમ દ્વારા શિક્ષણ આપનારી હતી. આ પ્રથાના આક્રોશમાંથી ભારતીય સંસ્કૃતિ પર આધારિત, ભારતીય સમાજની અપેક્ષાઓ સંતોષી શકે તેવી શિક્ષણ પ્રથા હોવી જોઈએ તેવું માનતા. વિદ્યાર્થીઓને માતૃભાષા દ્વારા શિક્ષણ મળવું જોઈએ એવું દ્રઢપણે માનતા અને આનામાંથી શિક્ષણની નવી પ્રણાલીનો જન્મ થયો. ગાંધીજી દ્વારા જે શિક્ષણ પ્રથાને જન્મ આપવામાં આવ્યો તેને અલગ અલગ નામોથી ઓળખવામાં આવે છે. બુનિયાદી શિક્ષણ, નઈ તાલીમ, વર્ધા શિક્ષણ યોજના, પાયાની કેળવણી વગેરે.

❖ **ગાંધીજીના મતે શિક્ષણદર્શનના આધારભૂત સિદ્ધાંતો :-**

- બાળકની શક્તિઓ નો વિકાસ સમાજના હિત માટે થવો જોઈએ.

- કેળવણી દ્વારા બાળકની આંતરિક શક્તિ, ગુણોનો વિકાસ થવો જોઈએ.

- કેળવણી દ્વારા માનસિક, શારીરિક, આધ્યાત્મિક વિકાસ થવો જોઈએ.

- શિક્ષણ માતૃભાષામાં હોવું જોઈએ અને શિક્ષણની અંદર માતૃભાષાને આગળનું સ્થાન આપવું જોઈએ.

- બાળકને પ્રવૃત્તિ દ્વારા અને ક્રિયા દ્વારા શિક્ષણ આપવું જોઈએ.

❖ **ગાંધીજીના મતે કેળવણીનો અર્થ** :-

ગાંધીજીના મતે ભારતની દરેક વ્યક્તિ શિક્ષિત હોવી જોઈએ તેવું દ્રઢ પણે માનતા હતા. શિક્ષણ એ માત્ર અક્ષરજ્ઞાન કે સાક્ષરતા નહિ, સાક્ષરતા એ જ્ઞાનપ્રાપ્તિનું માધ્યમ છે

"કેળવણી એટલે બાળક અને મનુષ્યના શરીર, મન અને આત્માના ઉત્તમાંશોનું આવિષ્કરણ.

- ગાંધીજી

સાચી કેળવણી એ બાળકના શરીર, મન અને આત્માના ઉત્તમ અંશોને બહાર લાવી તેના અંદર માનસિક, શારીરિક અને આધ્યાત્મિક શક્તિઓને બહાર લાવવાનો પ્રયત્ન કરે છે અને તેનો વિકાસ કરે છે.

"કેળવણી યથાર્થતામાં બાળકના આધ્યાત્મિક, માનસિક કે બૌદ્ધિક અને શારીરિક શક્તિઓને માત્ર બહાર લાવતી નથી, પરંતુ તેમને પ્રોત્સાહિત કરે છે યા ઉત્તેજે છે."

**- ગાંધીજી**

આમ, ગાંધીજીની દ્રષ્ટિએ કેળવણી એટલે માત્ર અક્ષરજ્ઞાન નહીં. અક્ષરજ્ઞાન એ કેળવણીની શરૂઆત નથી. તે એક જ્ઞાનપ્રાપ્તિનું સાધન છે. બાળક અને મનુષ્યના શરીર, મન અને આત્માના જે ઉત્તમ અંશો છે એને બહાર લાવવાનો પ્રયત્ન કરવો અને આ રીતે સમગ્ર ગુણોનો વિકાસ કરીને તે પૂર્ણ માનવ અને આદર્શ નાગરિક બને.

❖ **ગાંધીજીના મતે શિક્ષણના હેતુઓ** :-

- **આત્મનિર્ભરતા માટે કેળવણી** :-

ગાંધીજી એવું દ્રઢપણે માનતા હતા કે કેળવણી દ્વારા વ્યક્તિ અને સમાજ સ્વાવલંબી એટલે કે આત્મનિર્ભર બનવો જોઈએ. કેળવણી દ્વારા વ્યક્તિ પોતાનું અને પોતાના કુટુંબનું ભરણપોષણ કરી શકે તેવી ક્ષમતા તેના અંદર વિકસવી જોઈએ. કેળવણી દ્વારા વ્યક્તિમાં વિવિધ પ્રકારની આત્મનિર્ભરતા આવવી જોઈએ. વ્યક્તિની અંદર આર્થિક રીતે સ્વાવલંબન એટલે આત્માનિર્ભર બનવા માટે કેળવણી જરૂરી છે. ત્યારબાદ ગાંધીજી એવું માનતા કે કેળવણી દ્વારા સામાજિક આત્માનિર્ભરતા પ્રાપ્ત થવી જોઈએ કારણ કે જે કેળવણી વ્યક્તિ પ્રાપ્ત કરે છે તેનો ઉપયોગ તે સમાજની અંદર કરી શકે તેવી હોવી જોઈએ. કેળવણી દ્વારા માનસિક આત્મનિર્ભરતા કેળવાય તેવું પણ ગાંધીજી માનતા હતા. કેળવણી દ્વારા વ્યક્તિમાં સ્વતંત્ર રીતે વિચારશક્તિ, નિર્ણયશક્તિ, કલ્પનાશક્તિ વગેરેનો વિકાસ થવો જોઈએ.

- **ચારિત્ર્ય નિર્માણ** :-

ગાંધીજીના મતે જ્ઞાનપ્રાપ્તિ એટલે કે કેળવણીનું અંતિમ ધ્યેય ચારિત્ર્યનિર્માણનું છે. શિક્ષણ દ્વારા વ્યક્તિમાં હિંમત, બળ વગેરે ગુણોનો વિકાસ ઉપરાંત વ્યક્તિએ જીવનના કોઈ મહાન ધ્યેય માટે પોતાને

સમર્પિત કરી દેવી જોઈએ. ગાંધીજી કહે છે કે જ્ઞાનનું ધ્યેય ચારિત્ર્ય ઘડતરનું હોવું જોઈએ.

- **મુક્તિ અપાવે તે કેળવણી :-**

  પ્રાચીન ભારતમાં કેળવણીનો મહત્વનો ઉદ્દેશ **सा विध्या या विमुक्तये** એટલે કે સાચી કેળવણી એ છે કે માનવીને મુક્તિ અપાવે. સર્વ પ્રકારના બંધનોમાંથી, વિકૃતિઓમાંથી, નિર્બળતાઓમાંથી જે મુક્તિ અપાવે તે જ સાચી કેળવણી અને આવી જ સાચી કેળવણી માનવીના જીવનને મોક્ષ અપાવે છે.

- **સર્વાંગી વિકાસ :-**

  કેળવણી દ્વારા માનવીનો સંપૂર્ણ વિકાસ થવો જોઈએ. તેઓ એવું માનતા કે કેળવણી દ્વારા હસ્ત, હૈયું અને મસ્તિષ્કનો વિકાસ થવો જોઈએ. પરંપરાગત રીતે વાંચન, ગણન અને લેખન ને જ શિક્ષણ માનવામાં આવતું તેને બદલે ગાંધીજીએ વિદ્યાર્થીઓની શારીરિક, માનસિક અને આધ્યાત્મિક શક્તિઓને બહાર લાવી તેમનો સર્વાંગી વિકાસ થાય તેના ઉપર ભાર મૂકે છે.

- **જીવનના મૂલ્યોનો વિકાસ :-**

  કેળવણી દ્વારા માનવીના ઘડતરમાં વિવિધ ઉચ્ચ મૂલ્યોનો વિકાસ થાય તેવું ગાંધીજી માનતા હતા. કેળવણી દ્વારા જીવનના મૂલ્યો જેવાં કે સત્ય, અહિંસા, પ્રેમ કે કરુણા જેવા મૂલ્યોનો વિકાસ થવો જોઈએ. મૂલ્યો વિનાની કેળવણી નિરર્થક છે અને આવા મૂલ્યોના વિકાસથી જ બાળક અને માનવીનો સંપૂર્ણ વિકાસ કરી શકાય છે.

- **અભ્યાસક્રમ :-**

  ગાંધીજીના મતે અભ્યાસક્રમ કેળવણીના ઉદેશો સિધ્ધ કરવાનું સાધન છે. અભ્યાસક્રમના માધ્યમથી જ સામાજિક પરિવર્તન થઈ શકે છે તેવું ગાંધીજી માનતા હતા અને સમાજની જરૂરિયાત પોષી શકે તેઓ અભ્યાસક્રમ હોવો જોઈએ. ગાંધીજીએ બુનિયાદી અભ્યાસક્રમની અંદર અલગ અલગ વિષયોનો સમાવેશ કર્યો છે જેવા કે સમૂહજીવન, માતૃભાષા દ્વારા શિક્ષણ, સામાજિક અધ્યયન, કળાઓ, સામાન્ય વિજ્ઞાન, શારીરિક શિક્ષણ, નૈતિક શિક્ષણ વગેરે.

- **ગાંધીજીના મતે શિસ્ત :-**

  ગાંધીજી પ્રવર્તમાન શિક્ષણપ્રથાની શિસ્તથી અસંતુષ્ટ હતા. તેઓ એમ માનતા હતા કે બાળકના વિકાસ માટે સ્વતંત્ર અને મુક્ત વાતાવરણ હોવું જોઈએ. આથી તેઓ સ્વયં શિસ્તના હિમાયતી હતા. વિદ્યાર્થી શારીરિક, માનસિક, સાંવેગિક બાબતોથી પરિચિત થાય અને પોતે સ્વયંશિસ્ત જાળવે. આ શિસ્ત કોઈ દ્વારા લાદેલી નહીં પરંતુ પોતાના મેળે પ્રગટ થયેલી હશે.

❖ **ગાંધીજીના મત મુજબ શિક્ષક અને શાળા :-**

ગાંધીજીના મત મુજબ શિક્ષક એ બાળકનો સાચો માર્ગદર્શક અને ભાગ્યવિધાતા છે. ગાંધીજી પોતે આજીવન શિક્ષક અને સમર્પિત શિક્ષણકાર હતા. ગાંધીજીની દ્રષ્ટિએ શિક્ષણની અંદર અદમ્ય ઉત્સાહ હોય, રાષ્ટ્રભક્ત હોય, સામાજિક અને સાંસ્કૃતિક વારસાના પ્રત્યે આદર સન્માન હોય, બાળકો માટે માર્ગદર્શક અને પથદર્શક હોય, વ્યવસાય તાલીમથી સજ્જ

હોય, કર્મયોગી હોય. આવો શિક્ષક રાષ્ટ્રને વિધાયક દ્રષ્ટા બની શકે છે.

ગાંધીજીના મત મુજબ શાળા એ વિદ્યાર્થી માટેનું સંસ્કાર ધામ છે જેમાં તેને જીવન જીવવા માટેની કેળવણી મળે છે. શાળા એ પ્રયોગશાળા છે જેમાં વિદ્યાર્થીઓ પોતાની સામાજિક બાબતોનો પ્રયોગ કરી શકે છે. શાળાની અંદર વિદ્યાર્થી સામાજિક, માનસિક, નૈતિક, આધ્યાત્મિક, સાંવેગિક વિકાસની તકો પૂરી પાડવામાં આવે છે.

❖ **સાંપ્રત સમયમાં કેળવણી અને ગાંધી વિચાર** :-

ગાંધીજી શિક્ષણ માટેના પ્રયોગવીર હતા. ભારતીય પરંપરાગત શિક્ષણમાં આજે પણ ક્રાંતિકારી પરિવર્તનોની જરૂર છે ત્યારે(૧) ગાંધીજીનું શિક્ષણદર્શન આજે પણ એટલું જ પ્રસ્તુત છે. ગમે ત્યારે મોડા વહેલા ભારતીય શિક્ષણ અને સમાજના નવનિર્માણ માટે ગાંધીજીની શૈક્ષણિક દ્રષ્ટિ અને તેમના શિક્ષણના વિચારોને આપણે પરિવર્તનના માધ્યમથી સ્વીકારવા પડશે. ગાંધીજીના શિક્ષણદર્શનની પ્રવર્તમાન શિક્ષણ પર વિવિધ અસરો જોવા મળે છે જેવી કે શિક્ષણનું માધ્યમ પ્રાથમિક શિક્ષણથી માંડીને ઉચ્ચશિક્ષણ સુધી માતૃભાષામાં બની શક્યું છે. ૬ થી ૧૪ વર્ષના મફત અને ફરજિયાત શિક્ષણનીતિનો સ્વીકાર કરવામાં આવ્યો છે.

❖ **ઉપસંહાર** :-

આમ, ગાંધીજીના શિક્ષણદર્શને ભારતીય શિક્ષણપ્રથાને નવી દ્રષ્ટિ અને દિશા આપ્યાં છે. પ્રાથમિક શિક્ષણમાં સમૂહજીવન જેવી પ્રવૃત્તિઓ અને સમવાય દ્વારા શિક્ષણ આપવામાં આવે છે. પ્રવૃત્તિ દ્વારા કે ક્રિયા દ્વારા શિક્ષણને પણ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. પરંતુ હજી પણ આપણા પરંપરાગત અને રૂઢ માનસને લીધે સાચી દિશા હોવા છતાં ધારી ગતિ સાંપડી નથી એ આપણી કમનસીબી છે. તેના માટે આપણે સહિયારો પ્રયાસ કરવો પડશે. તેના માટે નૈતિક નિષ્ઠા, અમલીકરણ માટેનો ઉત્સાહ અને સાચી દિશામાં પ્રયાસોની જરૂર છે. આ પડકારોનો સામનો કરવા માટે આપણે યોગ્ય અમલીકરણ કરવું પડશે અને સાંપ્રત સમયની કેળવણીની અંદર ગાંધીજીના શિક્ષણદર્શનનો અમલ કરી કેળવણીની દિશાને યોગ્ય ગતિ આપીશું.

❖ **સંદર્ભ સૂચિ** :-

વિકાસમાન ભારતીય સમાજમાં શિક્ષક - શ્રી નટુભાઈ. વી. રાવલ, ડૉ. જે. એચ. પંચોલી, પ્રો. ડૉ. દેવેન્દ્ર ભટ્ટ

(૨) મારા સ્વપ્નનું ભારત - જિતેન્દ્રભાઈ દેસાઈ